## (1) નેસકોમની રિપોર્ટના સંદર્ભમાં નીચે પૈકી કયાં વિધાનો સાચાં છે ?

(1) ભારતના તકનીકી સ્ટાર્ટઅપની વૃદ્ધિ 8-10%ના દરે થઈ રહી છે.

(2) યુનિકોર્ન એક એવું સ્ટાર્ટઅપ હોય છે જેનું મૂલ્યાંકન 1 બિલિયન ડોલરથી વધુ હોય છે.

(3) કોવિડ-19ના કારણે ડિજીટલ શૈક્ષણિક પ્રૌદ્યોગિકીનો વિસ્તાર થયો છે.

(4) સ્વાસ્થ્ય સેવાઓમાં માટે નવા અવસરોનું સર્જન થયું છે.

(A) આપેલ તમામ
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1), (3) અને (4)
(D) માત્ર (1), (2) અને (3)

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ હાલમાં જ નેસકોમ દ્વારા 2020માં એક રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો છે તે અનુસાર ભારતમાં 1600 તકનીકી સ્ટાર્ટઅપ અને 12 યુનિકોર્નની વૃદ્ધિ થઈ છે.

⇛ આ રિપોર્ટ અનુસાર ભારતીય તકનીકી સ્ટાર્ટઅપની વૃદ્ધિ 8-10%ના વાર્ષિક દરે થઈ રહી છે. વર્ષ 2020માં 12 નવા યુનિકોર્ન રેકોર્ડના રૂપે વાર્ષિક સૌથી વધુ છે.

⇛ યુનિકોર્ન એક એવું સ્ટાર્ટઅપ છે. જેનું મૂલ્યાંકન 1 બિલિયન ડોલરથી વધુ હોય છે.

⇛ કોવિડ-19ના પગલે ડિજીટલ સ્ટાર્ટઅપ પ્રક્રિયા તીવ્ર બની છે. શૈક્ષણિક ટેકનોલોજી (Edtech) અને સ્વાસ્થ્ય ક્ષેત્રમાં સ્ટાર્ટઅપના નવા અવસરોનું સર્જન થયું છે.

કારણો

⇛ ડિજીટલ ત્વરીતતા, સેવાના રૂપે. સોફ્ટવેર આધારીત સમાધાન અને ઓફલાઈનનું ઓનલાઈનમાં રૂપાંતરણ.

⇛ વોકલ–ફોર–લોકલ (PMનો મંત્ર)એ સ્ટાર્ટઅપને સફળ બનાવવા માટે માર્કેટિંગ પૂરું પાડ્યું છે.

⇛ 'Work From Home' અને દુરસ્થ સ્થાનોથી કાર્યએ સ્ટાર્ટઅપ હબનો વિકાસ તીવ્ર કર્યો છે.

સ્ટાર્ટઅપ માટે સરકારી પહેલો

⇛ વર્ષ 2016માં 'સ્ટાર્ટઅપ ઈન્ડિયા'ની ઘોષણા કરવામાં આવી છે. તેનો હેતુ ઈનોવેશન અને સ્ટાર્ટઅપ માટે સુદૃઢ પરિતંત્રનો વિકાસ કરવાનો છે.

⇛ ASPIRE યોજના હેઠળ પ્રૌદ્યોગિક કેન્દ્રોના નેટવર્ક અને ઈન્ક્યુબેશન સેન્ટર સ્થાપિત કરવામાં આવ્યાં છે. જેથી ઉદ્યમશિલતાનો વિકાસ કરી કૃષિક્ષેત્રમાં નવાચારને પ્રોત્સાહન મળે.

⇛ Fund of Funde for Start Ups સ્ટાર્ટઅપને વિત્તીય સહાયતા આપવા 10,000 કરોડના કોષની રચના કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) 'પર્ફોમ અચિવ એન્ડ ટ્રેડ' યોજનાના સંદર્ભમાં નીચે પૈકી કયાં વિધાનો સાચાં છે ?

(1) આ યોજના બજાર આધારીત કાર્બન ટ્રેડિંગથી સંબંધિત છે.
(2) આ યોજના ઉર્જા દક્ષતા બ્યુરોની પ્રમુખ યોજના છે.
(3) NAPCC (આબોહવા પરિવર્તન પર રાષ્ટ્રીય કાર્ય યોજના) હેઠળ સંચાલિત 5 મુખ્ય મિશનો પૈકીની એક છે.
(4) આ યોજનાનું દ્વિતીય ચરણ 2016માં અધિસુચિત કરાયું હતું.

(A) માત્ર (1), (2) અને (3) (B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (2) અને (3) (D) માત્ર (1), (2) અને (4)

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ નિષ્પાદન, ઉપલબ્ધિ અને વેપાર (**Perform, Achieve and Trade :PAT**) યોજના, વિશિષ્ટ ઉર્જા ગહન ઉદ્યોગો (**DCs**) વચ્ચે ઉર્જા ખપત ઓછી કરવા અને દક્ષતાને પ્રોત્સાહન આપવા માટેની બજાર આધારીત કાર્બન ટ્રેડિંગ પ્રણાલી છે.

⇛ આ યોજના હેઠળ, **NMEEE**-રાષ્ટ્રીય મિશન વધેલી ઉર્જા દક્ષતા માટે ઉર્જા દક્ષતા બ્યુરો (**BEE**)ની એક પ્રમુખ યોજના છે. **NMEEE**એ આબોહવા પરિવર્તન પર રાષ્ટ્રીય કાર્ય યોજના (**NAPCC**)ના પ્રમુખ **8** મિશનો પૈકીની એક છે.

⇛ આ યોજના હેઠળ, વિશિષ્ટ ઉર્જા કટોતીના લક્ષ્યોને **3** વર્ષ માટે **DCs**ને સોંપવામાં આવ્યાં છે.

⇛ **PAT** યોજનાના દ્વિતીય ચરણને **2016**માં અધિસૂચિત કરાયું હતું.

ઉર્જા બચત પ્રમાણપત્ર (**ES Certificate**)

⇛ એક **DC**-(નામિત ઉપભોક્તા)ને પોતાનાં લક્ષ્યો પ્રાપ્ત કર્યા બાદ આપવામાં આવે છે. આ પ્રમાણપત્ર અન્ય **DC** જે લક્ષ્ય પ્રાપ્ત નથી કરી શકયા તેમને વેચી શકાય છે. **ESCerts**નું મુલ્ય ઉર્જા બચતના **1** ટન તેલ સમાન માનવામાં આવે છે.

⇛ ઈન્ડિયન એનર્જી એક્સચેંજ (**IEX**) અને પાવર એક્સચેંજ ઈન્ડિયા લિમિટેડ (**PXIL**) માં **ESCerts**નો વેપાર કીર શકાય છે.

⇛ **ESCerts**ના વ્યાપાર સંબંધિત પ્રશાસન **BEE** પાસે છે. અને કેન્દ્રીય વદ્યુત વિનિયામક આયોગ એક વિનિયામકીય નિકાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (3) નીચેના વિધાનો પર વિચાર કરો.

(1) પ્રધાનમંત્રીએ હાલમાં આત્મનિર્ભર ભારત માટે ગેસ–આધારિત અર્થવ્યવસ્થાને મહત્ત્વપૂર્ણ ગણાવી છે.
(2) પ્રધાનમંત્રીએ 'વન નેશન, વન ગેસ ગ્રીડ' કાર્યયોજના પર કાર્ય ચાલતું હોવાનું પણ કહ્યું છે.
(3) સરકારનું લક્ષ્ય 2030 સુધીમાં ઉર્જા વિકલ્પોમાં પ્રાકૃતિક ગેસનો હિસ્સો 15% કરવાનું લક્ષ્ય છે.
(4) ગેસ આધારિત અર્થવ્યવસ્થાનો અર્થ ભારતનાં પ્રમુખ વાહન ઉદ્યોગોને ગેસ આધારિત બનાવવાથી સંબંધિત છે.

(A) આપેલ તમામ (B) માત્ર (1), (2) અને (3)
(C) માત્ર (1), (3) અને (4) (D) માત્ર (1), (2) અને (4)

⇒ **જવાબ :- B**

**સમજૂતી :**

⇒ હાલમાં જ પ્રધાનમંત્રીએ ગેસ આધારિત અર્થવ્યવસ્થાને આત્મનિર્ભર ભારત માટે મહત્ત્વપૂર્ણ ગણાવી છે.
⇒ ગેસ આધારિત અર્થવ્યવસ્થા ઉર્જા વિકલ્પોમાં ગેસની પ્રમુખ ભૂમિકા હોય તેને કહેવામાં આવે છે.
⇒ પ્રધાનમંત્રીએ 'વન નેશન, વન ગેસ ગ્રીડ' પરિયોજના પર કાર્ય શરૂ હોવાનું પણ કહ્યું છે.

ગેસ આધારિત અર્થવ્યવસ્થાનું મહત્ત્વ

⇒ અન્ય પરંપરાગત ઈંધણોની સરખામણીએ આર્થિક લાભ વધુ છે. CNG પેટ્રોલની તુલનાએ 60% અને ડીઝલથી 45% સસ્તી હોય છે.
⇒ ગેસ કણીય પદાર્થોનું ઉત્સર્જન કરતો નથી તેથી પર્યાવરણને અનુકુળ છે.
⇒ તેનાથી જળવાયુ પરિવર્તન ઘટાડવાની પ્રતિબદ્ધતાંઓ પ્રાપ્ત કરવામાં મદદ મળશે.

સરકારી પ્રયાસો (વિકાસ માટે)

⇒ ઘરેલુ ઉત્પાદન વધારવા માટે, બજાર મૂલ્યમાં એકરૂપતા લાવવા પ્રાકૃતિક ગેસ વેચાણ માટે સુધારાઓની ઘોષણા કરવામાં આવી છે.
⇒ વર્ષ 2024 સુધીમાં ગેસ માળખાંના વિકાસ માટે 60 બિલિયન ડોલરનું રોકાણ કરવાની યોજનાનું નિર્માણ કરાયું છે. આ યોજનામાં પાઈપલાઈન અને સિટી ગેસ ડિસ્ટ્રીબ્યુશન નેટવર્ક પણ આવે છે.
⇒ પ્રધાનમંત્રી ઉર્જા ગંગા પરિયોજના અને પૂર્વોત્તર ગેસ ગ્રીડ પરિયોજનાના માધ્યમથી પૂર્વીય અને ઉત્તર–પૂર્વીય ભાગોને ગેસ ગ્રીડથી જોડવામાં આવ્યાં છે.
⇒ દેશના લગભગ 53% ભૌગોલિક ક્ષેત્રો અને 70% ડિસ્ટ્રીબ્યુશન (CGD)નો વિસ્તાર કરવામાં આવ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (4) 'રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ'ની 'મેન્યુઅલ સ્કૈવેંજીંગ' ભલામણોના સંદર્ભમાં યોગ્ય વિધાનો પસંદ કરો.

(1) જોખમપૂર્ણ સફાઈ માટે નવો કાયદો ઘડવામાં આવે.
(2) આ કાર્યમાં જોડાયેલી મહિલાઓ સાથે ભેદભાવ અને ઉત્પીડન માટે દંડની જોગવાઈ કરવામાં આવે છે.
(3) પુનઃવસવાટને મનરેગા જેવી યોજના સાથે જોડવામાં આવે છે.
(4) પુનઃ વસવાટ માટે રોકડ 1 લાખ રૂપિયાની સહાય કરવામાં આવે.
(5) આ કાર્યમાં જોડાયેલા લોકો અને તેમના આશ્રિતો માટે વ્યાવસાયિક ગતિવિધિ શરૂ કરવા ઋણની વ્યવસ્થા કરવામાં આવે એ માટે એક રાષ્ટ્રીયકૃત બેંક દરેક રાજ્યમાં સ્થાપિત કરવામાં આવે.

(A) આપેલ તમામ
(B) માત્ર (2), (3) અને (5)
(C) માત્ર (1), (2), (3) અને (4)
(D) માત્ર (1), (4) અને (5)

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ એ તેના નિયમોમાંહાલમાં જ રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ (NHRC) દ્વારા હાથથી મેલું ઉપાડતાં (મેન્યુઅલ સ્કેવેજીંગ)ના ઉન્મુલન માટે ભલામણો કરવામાં આવી છે.

**NHRCની ભલામણો**

1. જોખમપૂર્ણ સફાઈના અન્ય પ્રકારોની પરિભાષાનો વિસ્તાર કરવામાં આવે અથવા તેના માટે એક નવો અધિનિયમ બનાવવામાં આવે.
2. આવા લોકોની સંતાનો અને આ કાર્યમાં રહેલી મહિલાઓ સાથે ભેદભાવ અને ઉત્પાદનને રોકવા માટે દંડની જોગવાઈ.
3. પુનઃ વસવાટ પ્રક્રિયાને મનરેગા જેવી યોજનાઓ સાથે. જોડવામાં આવે જેથી તેમને તીવ્ર આવક સર્જન થાય.
4. પુનઃવસવાટ માટે રોકડ 40,000થી વધારી 1 લાખ કરવામાં આવે અને તેની ચુકવણી પ્રત્યક્ષ રૂપે કરવામાં આવે.
5. આવા લોકો અને તેમનાં આશ્રિતોની વ્યાવસાયિક ગતિવિધિઓ શરૂ કરવા દરેક રાજ્યમાં એક રાષ્ટ્રીય બેંક નિર્દિષ્ટ કરવામાં આવે જે તેમને ઋણ આપે.
6. હાથથી કાર્ય કરવા માટેની તકનીકો અને ઔદ્યોગિકીના ઉપયોગ માટે તેમને તાલીમ આપવામાં આવે.
7. મેન્યુઅલ સ્કૈવેજીંગ માટે ખોટી સંસ્થાના પંજીકરણ માટે અધિકારીઓની જવાબદેહિતા નક્કી કરવામાં આવે.

⇛ કોઈ વ્યકિત દ્વારા પોતાના હાથો વડે સાર્વજનિક ગલીઓ અને શુષ્ક શૌચાલયો, ગટર, સીવેજ અને ટેન્કની સફાઈ મેન્યુઅલ સ્કૈવેંજીંગ કહેવાય છે.

⇛ મેન્યુઅલ સ્કૈવેંજીંગ કર્મચારી નિયોજન પ્રતિષેધ અને પુનઃવસવાટ અધિનિયમ, 2018માં લાગુ કરાયો હતો.

⇛ જેમાં મેન્યુઅલ સ્કૈવેંજીંગ કરતાં લોકોને પરિભાષિત કરવામાં આવ્યા છે. તથા તેમનાં પુનઃ વસવાટ અને તેમની ઓળખ માટે પ્રાધિકરણ સ્થાપવાની જોગવાઈ કરાઈ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (5) 'બ્લૂ ઈકોનોમી'ના સંદર્ભમાં નીચે પૈકી કયાં વિધાનો સાચાં છે ?

(1) બ્લુ ઈકોનોમી આર્થિક વિકાસ, આજીવીકા અને રોજગાર માટે મહાસાગરીય સંસાધનોનો સતત ઉપયોગ કરીને મહાસાગરીય પારિસ્થિતિકી–તંત્રને સંરક્ષીત કરવાથી સંબંધિત છે.
(2) ભારતની અર્થવ્યવસ્થામાં બ્લુ ઈકોનોમીની 3% ભાગીદારી છે.
(3) મત્સ્ય પાલન, સામુદ્રીક ખનન તેલ અને ગેસ જેવા ઘટાકો ભારતની બ્લુ ઈકોનોમીના મુખ્ય ઘટકો છે.
(4) સાગરમાલા હેઠળ તટીય આર્થિક ક્ષેત્રોનો વિકાસ કરવામાં આવે છે.

(A) આપેલ તમામ
(B) માત્ર (1), (2) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) માત્ર (1), (2) અને (3)

⇛ જવાબ :- B

**સમજૂતી :**

⇛ બ્લુ અર્થવ્યવસ્થાનો સંબંધ આર્થિક વિકાસ ઉન્નત આજીવિકા અને રોજગાર માટે મહાસાગરીય સંસાધનોનો સતત ઉપયોગ કરવાની સાથે મહાસાગરીય પારિસ્થિતિકી–તંત્રના સ્વાસ્થ્યનું સંરક્ષણ કરવા સાથે છે.

⇛ ભારતની કુલ અર્થવ્યવસ્થામાં બ્લુ ઈકોનોમીની 4.1% છે. મત્સ્ય પાલન, ઊંડું સમુદ્રી ખનન અને તેલ અને ગેસ ભારતની બ્લુ ઈકોનોમીના મોટા ઘટકો છે.

બ્લુ ઈકોનોમી માટે ભારતના પ્રયાસો

⇛ MoPSW બંદર, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય દ્વારા સાગરમાલા પરિયોજના શરૂ કરવામાં આવી છે. આ યોજના બંદરોના આધુનિકીકરણ માટે માહિતી ટેકનોલોજીની સક્ષમ સેવાઓના વ્યાપક ઉપયોગના માધ્યમથી બંદરો આધારિત વિકાસ સુનિશ્ચિત કરવાની રણનીતિક પહેલ છે.

મત્સ્ય સંપદા યોજના

⇛ તેનો હેતુ મત્સ્ય ઉત્પાદનમાં 70 લાખ ટનની વૃદ્ધિ કરવાનો છે. અને વર્ષ 2024-25માં નિકાસ આવક 1 લાખ કરોડ રૂપિયા કરવાનો છે.

⇛ સાગરમાલા યોજના હેઠળ તમામ સમુદ્ર તટ ધરાવતા રાજ્યોમાં તટીય આર્થિક ક્ષેત્રોનો વિકાસ કરવામાં આવ્યો છે. CEZમાં તટીય જિલ્લાઓનો સમૂહ હોય છે.

⇛ ભારતને મધ્યહિંદ મહાસાગરમાં ખનન માટે આંતરરાષ્ટ્રીય સમુદ્ર તળ પ્રાધિકરણ દ્વારા મંજુરી આપવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT